# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 28-03-2024** **Evening : 7.50 to 8.00**
**Day : Thursday** **National News**

આકાશવાણી સમાચાર **યશ્વી મહેતા** વાંચે છે.

****************************************************

- લોકસભાની બીજા તબક્કાની આગામી 26મી એપ્રિલે યોજાનારી 88 બેઠકોની ચૂંટણી માટેનું જાહેરનામું આજે બહાર પડ્યું છે.
- બિહારમાં આગામી 19મી એપ્રિલે યોજાનારી લોકસભાની બિહારની ચાર બેઠકો માટે ઉમેદવારી પત્રો ભરવાની પ્રક્રિયા આજે પૂરી થઇ છે.
- નાગાલેન્ડ અને અરૂણાચલ પ્રદેશના કેટલાક જીલ્લાઓમાં સશસ્ત્ર દળ વિશેષ અધિકાર ધારો આગામી પહેલી એપ્રિલથી વધુ છ મહિના સુધી અમલમાં રહેશે.
- ભારતના વિદેશ મંત્રાલયે દોહરાવ્યું છે કે, અરૂણાચલ પ્રદેશ ભારતનું અવિભાજ્ય અંગ છે અને રહેશે.
- રાષ્ટ્રીય પરીક્ષા એજન્સીએ આગામી ચોથી એપ્રિલથી યોજાનારી જેઇઇ-મેન્સના બીજા તબક્કાની પરીક્ષા આપનાર અરજદારોને પરીક્ષા કેન્દ્રો અને શહેર ફાળવણીની એડવાન્સ સ્લીપ જારી કરી છે.
- ભારતની પી.વી. સિંધુએ મૈડ્રિડ ઓપન બેડમિન્ટન સ્પર્ધાની મહિલાઓની સિંગલ્સની ક્વાર્ટર ફાઇનલમાં પ્રવેશ કર્યો છે.

************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# REV.-2ND-PHASE-NOTIFICATION

લોકસભાની બીજા તબક્કાની આગામી 26મી એપ્રિલે યોજાનારી 88 બેઠકોની ચૂંટણી માટેનું જાહેરનામું આજે બહાર પડ્યું છે. બીજા તબક્કાની ચૂંટણીમાં 12 રાજ્યો અને એક કેન્દ્રશાસિત પ્રદેશની લોકસભાની 88 બેઠકો માટે મતદાન થશે જેમાં કેરળની 20, કર્ણાટકની 14, રાજસ્થાનની 13, ઉત્તરપ્રદેશ અને મહારાષ્ટ્રની 8-8, મધ્યપ્રદેશની 7, બિહાર અને આસામની 5, બંગાળ અને છત્તીસગઢની 3-3 જ્યારે મણિપુર, ત્રિપુરા તેમજ જમ્મુ અને કાશ્મીરની દરેકની એક-એક બેઠકોની ચૂંટણી યોજાશે.

આ 88 બેઠકો માટે આગામી ચોથી એપ્રિલ સુધી ઉમેદવારી પત્રો ભરી શકાશે. પાંચમીએ તેમની ચકાસણી થશે. જો કે, જમ્મુ-કાશ્મીરમાં ઉમેદવારી પત્રોની ચકાસણી આગામી છઠ્ઠી એપ્રિલે થશે.

દરમિયાન, લોકસભાની પહેલા તબક્કાની આગામી 19મી એપ્રિલે યોજાનારી 102 બેઠકો માટે ભરાયેલા ઉમેદવારી પત્રો પાછા ખેંચવાની છેલ્લી તારીખ 30મી માર્ચ છે. લોકસભાની 102 બેઠકો માટે 30મી માર્ચે ઉમેદવારી પત્રો પાછા ખેંચાયા બાદ આ બેઠકો પર કેટલા ઉમેદવારો ચૂંટણી લડી રહ્યા છે તે ચિત્ર સ્પષ્ટ થશે. 19મી એપ્રિલે મતદાન થયા બાદ આગામી ચોથી જૂને મતગણતરી હાથ ધરાશે.

# NOMINATION

બિહારમાં આગામી 19મી એપ્રિલે યોજાનારી લોકસભાની બિહારની ચાર બેઠકો માટે ઉમેદવારી પત્રો ભરવાની પ્રક્રિયા આજે પૂરી થઇ છે. 30મી માર્ચે ઉમેદવારી પત્રોની ચકાસણી થશે અને ઉમેદવારી પત્રો પાછા ખેંચવાની છેલ્લી તારીખ આગામી બીજી એપ્રિલ છે.

પૂર્વ ત્રિપુરાની લોકસભાની બેઠક માટે ભાજપના ઉમેદવાર કિર્તીસિંહ દેવ વર્માએ આજે ઉમેદવારી પત્ર ભર્યું છે. આ બેઠકની ચૂંટણી આગામી 26મી એપ્રિલે યોજાવાની છે. દરમિયાન, આગામી 19મી એપ્રિલે યોજાનારી ત્રિપુરા પશ્ચિમ બેઠક માટે ભરાયેલા નવ ઉમેદવારી પત્રો ચકાસણીના અંતે માન્ય ઠર્યા છે. આ બેઠક ઉપર મુખ્ય ચૂંટણી જંગ ભાજપના બિપ્લવ કુમાર દેવ અને કોંગ્રેસના આશિષકુમાર સહા વચ્ચે છે.

દરમિયાન, ભાજપ અને અખિલ ઝારખંડ વિદ્યાર્થી સંઘ વચ્ચે લોકસભાની સામાન્ય ચૂંટણી માટે બેઠકોની વહેંચણીને આખરી ઓપ અપાયો છે. આ નિર્ણય મુજબ ભાજપ ઝારખંડની લોકસભાની 13 બેઠકો જ્યારે ઝારખંડ વિદ્યાર્થી સંઘ ગિરીધ સંસદીય બેઠક પર ઉમેદવારો ઉભા રાખશે.

## EC-KASHMIRI-MIGRANTS

ચૂંટણી પંચે જમ્મુ, ઉધમપુર અને દિલ્હીમાં વિવિધ શિબિરોમાં રહેતા કાશ્મીરી વસાહતી મતદારો માટે ખાસ મતદાન મથકો ઉભા કરવાનો નિર્ણય લીધો છે. જમ્મુ અને કાશ્મીરની લોકસભાની બેઠકોની ચૂંટણી વખતે આ કાશ્મીરી નાગરિકો મતાધિકારનો ઉપયોગ કરી શકે તે હેતુથી આ નિર્ણય લેવાયો છે. ચૂંટણી પંચના નિવેદનમાં જણાવ્યું છે કે,

શિબિરોમાં રહેતા કાશ્મીરી નાગરિકો વીજાણુ મતદાન યંત્ર અથવા પોસ્ટલ બેલેટ દ્વારા મતદાન કરી શકે છે.

ઉલ્લેખનીય છે કે, જમ્મુ લોકસભા બેઠકની ચૂંટણી માટે આગામી 26મી એપ્રિલે મતદાન થવાનું છે, જે માટેનું જાહેરનામું આજે બહાર પડાયું છે.

## REV. MHA-AFSPA

કેન્દ્ર સરકારે નાગાલેન્ડના આઠ અને અરૂણાચલ પ્રદેશના ત્રણ જીલ્લાઓમાં હાલમાં અમલમાં રહેલ સશસ્ત્ર દળ વિશેષ અધિકાર ધારો- **AFSPA આગામી પહેલી એપ્રિલથી વધુ છ મહિના સુધી અમલમાં રાખવાનો નિર્ણય લીધો છે. ઉલ્લેખનીય છે કે, નાગાલેન્ડ અને અરૂણાચલ પ્રદેશના કેટલાક જીલ્લાઓમાં ઘણા સમયથી આ ધારો અમલમાં છે અને સમયાંતરે તેના અમલમાં વધારો કરવામાં આવ્યો છે.**

**ગૃહમંત્રાલય દ્વારા બહાર પડાયેલા જાહેરનામામાં જણાવ્યું છે કે, સંબંધિત વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતીની સમીક્ષા કર્યા બાદ આ વિસ્તારોને અશાંત વિસ્તારો જાહેર કરાયા છે અને તેમાં** સશસ્ત્ર દળને વિશેષ અધિકાર આપતો ધારો **આગામી પહેલી એપ્રિલથી વધુ છ મહિના સુધી અમલમાં રાખવાનો નિર્ણય લેવાયો છે.**

## IPL

આઇપીએલ ક્રિકેટ સ્પર્ધાની જયપુરમાં રમાઇ રહેલી રાજસ્થાન રોયલ્સ અને દિલ્હી કેપિટલ્સ વચ્ચેની લીગ મેચમાં દિલ્હીએ ટોસ જીતીને

ફિલ્ડીંગ કરવાનો નિર્ણય લીધો છે. હમણાં મળતાં સમાચાર પ્રમાણે, રાજસ્થાન રોયલ્સે 3.1 ઓવરમાં 1 વિકેટે 16 રન કર્યા છે.

## MEA CHINA

ભારતના વિદેશ મંત્રાલયે દોહરાવ્યું છે કે, અરૂણાચલ પ્રદેશ ભારતનું અવિભાજ્ય અંગ છે અને રહેશે. આજે દિલ્હીમાં યોજાયેલી પત્રકાર પરિષદમાં વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે ભારપૂર્વક કહ્યું હતું કે, અરૂણાચલ અંગે ચીન દ્વારા પાયા વિહોણા દાવાઓ અવારનવાર કરવામાં આવે છે. આમ છતાં અરૂણાચલ પ્રદેશ અંગે ભારતનું વલણ એ જ રહેશે.

રશિયાની સેનામાંથી મુક્તિ મેળવવા ઇચ્છતા ભારતીયો અંગેના પ્રશ્નના જવાબમાં શ્રી જયસ્વાલે જણાવ્યું હતું કે, વિદેશ મંત્રાલય આ મુદ્દે રશિયાના વિદેશ મંત્રાલયના સતત સંપર્કમાં છે અને સંબંધિત ભારતીયોની શક્ય એટલી વહેલી તકે મુક્તિ થાય એ બાબત સુનિશ્ચિત કરાશે.

## MEA-US

વિદેશ મંત્રાલયે દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલની ધરપકડના મુદ્દે અમેરિકાના વિદેશ વિભાગ દ્વારા કરાયેલા નિવેદનને બીનજરૂરી ગણાવીને વખોડી કાઢ્યું છે. વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે આજે દિલ્હીમાં પત્રકાર પરિષદમાં જણાવ્યું હતું કે, આવા નિવેદનો ભારતની કાયદાકીય અને ચૂંટણી પ્રક્રિયામાં દરમિયાનગીરી કરતા હોવાથી અસ્વીકાર્ય ગણાવી શકાય.

પ્રવક્તાએ ભારપૂર્વક જણાવ્યું હતું કે, ભારતની કાયદાકીય પ્રક્રિયા ચોક્કસ  નિયમોના આધારે ચાલે છે અને વિશ્વની લોકશાહી વ્યવસ્થા ધરાવતાં દેશો આ મુદ્દે ભારતની કાયદાકીય વ્યવસ્થાની સહજતાથી પ્રશંસા કરે છે.

ઉલ્લેખનીય છે કે, ભારતે અહીંના અમેરિકન રાજદૂતાવાસમાં વરિષ્ઠ અધિકારીને બોલાવીને અમેરિકાના વિદેશ વિભાગના નિવેદન અંગે કડક શબ્દોમાં વિરોધ દર્શાવ્યો છે.

## KEJIRIWAL-CUSTODY

દિલ્હીની અદાલતે કથિત દારૂનિતી કૌભાંડ કેસને લગતાં મની લોન્ડરીંગ કેસમાં ધરપકડ કરાયેલા દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલના એન્ફોર્સમેન્ટ વિભાગની અટકાયતની મુદત આગામી પહેલી એપ્રિલ સુધી લંબાવી છે.

રાઉઝ એવેન્યુ અદાલતના ખાસ ન્યાયાધીશ કાવેરી બાવેજાએ એન્ફોર્સમેન્ટ વિભાગ દ્વારા છ દિવસની રિમાન્ડની મુદત પૂરી થયા બાદ અરવિંદ કેજરીવાલને અદાલતમાં રજૂ કરાયા બાદ તેમને પહેલી એપ્રિલ સુધી એન્ફોર્સમેન્ટ વિભાગની અટકાયતમાં રાખવાનો આદેશ આપ્યો છે.

ઉલ્લેખનીય છે કે, અરવિંદ કેજરીવાલ દ્વારા પોતાની ધરપકડ અને રિમાન્ડને પડકારતી અરજીના મુદ્દે વચગાળાની રાહત આપવાનો દિલ્હીની વડી અદાલતે ગઇકાલે ઇન્કાર કર્યો હતો.

## REV.-NTA-JEE-MAINS

રાષ્ટ્રીય પરીક્ષા એજન્સીએ આગામી ચોથી એપ્રિલથી યોજાનારી જેઇઇ- મેન્સના બીજા તબક્કાની પરીક્ષા આપનાર અરજદારોને પરીક્ષા કેન્દ્રો અને શહેર ફાળવણીની એડવાન્સ સ્લીપ જારી કરી છે.

ઉલ્લેખનીય છે કે, દેશના 319 શહેરો અને વિદેશના 22 શહેરોના પરીક્ષા કેન્દ્રો એ આગામી ચોથીથી 12મી એપ્રિલ દરમિયાન જેઇઇ- મેન્સના બીજા તબક્કાની પરીક્ષા યોજાવાની છે. આ પરીક્ષા દરરોજ બે શિફ્ટમાં યોજાશે.

પરીક્ષા આપનાર વિદ્યાર્થીઓ એનટીએની વેબસાઇટ ઉપર પોતાની અરજીની સંખ્યા અને જન્મ તારીખ દાખલ કરીને પરીક્ષા કેન્દ્ર અને સંબંધિત શહેરની માહિતી મેળવી શકે છે. રાષ્ટ્રીય પરીક્ષા એજન્સીએ ભારપૂર્વક જણાવ્યું છે કે, શહેરની માહિતી આપતી સ્લીપનો ઉપયોગ વિદ્યાર્થીઓ પરીક્ષાખંડમાં પ્રવેશ માટે કરી શકશે નહીં.

## REV. Madrid Spain Masters

ભારતની પી.વી. સિંધુએ મૈડ્રિડ ઓપન બેડમિન્ટન સ્પર્ધાની મહિલાઓની સિંગલ્સની ક્વાર્ટર ફાઇનલમાં પ્રવેશ કર્યો છે. આજે રમાયેલી પ્રી-ક્વાર્ટર ફાઇનલ મેચમાં સિંધુએ તાઇવાનની વાય. હુઆંગને 2-0 ગેમથી પરાજય આપીને સ્પર્ધાની ક્વાર્ટર ફાઇનલમાં પ્રવેશ કર્યો છે. ઉલ્લેખનીય છે કે, સિંધુએ કેનેડાની વેન યુ ઝાંગને ગઇકાલે 2-0થી પરાજય આપીને પ્રી-ક્વાર્ટર ફાઇનલમાં પ્રવેશ કર્યો હતો..

## TEJAS-MK1A

સ્વદેશી ટેક્નોલોજી વડે વિકસિત કરાયેલા ભારતના તેજસ યુધ્ધ વિમાનના અદ્યતન એમકે- વન-એ આવૃત્તિનું બેંગ્લુરુમાં હિન્દુસ્તાન એરોનોટિક્સ લિમિટેડ ખાતે સફળ પરીક્ષણ કરાયું છે. આ અદ્યતન તેજસમાં આધુનિક ટેક્નોલોજીવાળા રડાર, સંદેશાવ્યવહારના અદ્યતન ઉપકરણો ગોઠવવામાં આવ્યા છે તેમજ તેની પ્રહાર સક્ષમતામાં વધારો કરવામાં આવ્યો છે. અદ્યતન તેજસ વિમાનમાં આકાશમાં ઉડ્ડયન કરતી વખતે ઇંધણ ભરવાની સુવિધા અને દ્રશ્ય ક્ષમતામાં ન આવતી મિસાઇલો સુધીની પહોંચની ક્ષમતા છે.

## PREZ---INFRASTRUCTURE

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ દેશના માળખાકીય સુવિધાના વિકાસકામો અને બાંધકામ પ્રોજેક્ટોને પર્યાવરણને અનુકૂળ અને ઉર્જા કાર્યક્ષમ બનાવવા ઉપર ભાર મૂક્યો છે. આજે દિલ્હીના રાષ્ટ્રપતિ ભવનમાં કેન્દ્રીય જાહેર વિભાગના ઇજનેરોના જૂથને સંબોધતાં તેમણે કહ્યું કે, આ પ્રકારના પ્રોજેક્ટો હાથ ધરતી વખતે પર્યાવરણને અનુકૂળ એવા વિચારો અપનાવવા જોઇએ, જેથી નવા પડકારોનો સરળતાથી સામનો કરી શકાશે.

તેમણે યુવા ઇજનેરોને ટેક્નોલોજી આધારિત અભિગમ અપનાવવા અનુરોધ કર્યો છે. રાષ્ટ્રપતિએ કહ્યું કે, બાંધકામ ઉદ્યોગ ક્ષેત્રે પર્યાવરણને અનુકૂળ પ્રક્રિયા અપનાવવી એ સાંપ્રત સમયની જરૂરિયાત છે.